# ભાજપની ઐતિહાસિક જીતના વિજયોત્સવથી સેકટરોમાં ધમધમાટ

## ઢોલ નગારા સાથે ગુલાલની છોળ ઉડાડતા સમર્થકોએ સેકટરોમાં બાઇક રેલી કાઢી : ડી જે ના સુર સાથે વિજયનો ઉત્સવ મનાવ્યો

ગાંધીનગર તા ૫

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીના પરિણામમાં વિવિધ વોર્ડના પરિણામો જાહેર થયા બાદ ભાજપ ના કાર્યકરો ઉત્સાહમાં આવી ગયા હતા. ઢોલ હોવાના લીધે કોલેજ તરફ જવાના માર્ગ પર સમર્થકોના ટોળા ઉમટયા હતા. દિવસ દરમિયાન શહેરના કાર્યકરોએ જીતનો જસ્ન મનાવ્યો હતો. કેટલાક ઠેકાણે બાઇક રેલી પણ નિકળી હતી. ભગવો ખેસ ઉમેદવારોએ જીતનુ વિજય સરઘસ કાઢવાની પણ તક મળી ન હતી. દિવસ દરમિયાન શહેરમાં





આજે ભાજપને ઐતિહાસિક જીત હાંસલ થયા બાદ શહેરના સેકટરે સેકટરે ભાજપના ઉમેદવારો તેમજ કાર્યકરો અને સમર્થકોએ વિજય ઉત્સવ મનાવ્યો હતો. મતગણતરી કેન્દ્રની બહાર સે-૧૫ માં પણ સવારે નગારા સાથે આવેલા સમર્થકોએ ગુલાલની છોળો ઉડાડી વિજેતાઓને વધાવ્યા હતા. સે-૧૫ ના આ વિસ્તારમાં સતત સમર્થકોની ભીડ જોવા મળી હતી. ભાજપની આખેઆખી પેનલ વિજયી થતી સેકટરોમાં વિજેતા ઉમેદવારોને વધાવવા માટે ભાજપના કાર્યકરો તેમજ સમર્થકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સેકટરોની શેરીઓમાં ભારત માતા કી જય.. ના જયઘોષ વચ્ચે ભાજપના ધારણ કરીને ભાજપના સમર્થકો દિવસ દરમિયાન જંગી બહુમતીથી હાંસલ કરેલી જીતનો ઉત્સાહ વ્યકત કરતા નજરે પડતા હતા. બીજીતરફ કોંગ્રેસના માત્ર બે જ ઉમેદવારો ચુંટાતા ચુંટાયેલા વિજયોત્સવ મનાવતા ભાજપના નેતાઓ અને સમર્થકોની ભીડ જોવા મળી હતી. સેકટરોમાં પણ બાઈક રેલી નિકળી હતી. ઢોલ નગારા અને ડી જે સાથે શહેરના માર્ગો પર સતત ધમધાટ જોવા મળ્યો હતો.

# ગુજરાતના પાટનગરને વર્લ્ડ કલાસ બનાવાનુ સ્વપ્ર સાકાર થશે : રૂચિર ભટ્ટ

## મહાનગર ભાજપના અધ્યક્ષે કાર્યકર્તાઓની રાત દિવસની મહેનત બિરદાવી

ગાંધીનગર તા ૫

ગાંધીનગર મહાનગર ભાજપ અધ્યક્ષ રૂચિર ભટ્ટે આ અંગે જણાંવ્યુ હતુ કે ભારતીય જનતા પાર્ટીની વિકાસ અને રાષ્ટ્રવાદની વિચારધારાના સમર્થનમાં મતદાન કરી મહાનગરપાલિકાની ચુંટણીમાં ભાજપને ૪૪ માંથી ૪૧ બેઠકો પર ભવ્ય વિજય મળ્યો છે. જયારે આ બદલ ગાંધીનગરની જનતાનો આભાર વ્યકત કરુ છુ. ભાજપના તમામ ઉમેદવારોને અભિનંદન પાઠવ્યા છે. તેમણે જણાંવ્યુ હતુ કે રાજયના પાટનગર ગાંધીનગરને વધુ હરિયાળુ સ્વચ્છ અને સુંદર તેમજ અદ્યતન બનાવવાના સંકલ્પ સાથે ભાજપ શાસિત મનપા આગામી સમયમાં પ્રજાલક્ષી કામો કરશે. ભાજપના સૌના સાથ સૌના વિકાસ તેમજ સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસથી ગાંધીનગરને ઉત્તમથી સર્વોત્તમ બનાવવા માટે કટિબધ્ધ છીએ તેમણે જણાંવ્યુ હતુ કે છેલ્લા વર્ષોમાં પાટનગરની જનતાને બદલાતા ગાંધીનગરને પ્રત્યક્ષરૂપથી અનુભવ્યુ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં શરૂ થયેલી ગાંધીનગરની અવિરત વિકાસ યાત્રા આગળ વધારવાનુ કામ આગામી સમયમાં ભાજપ શાસિત મનપા કરશે. ગાંધીનગર લોકસભાના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગાંધીનગરને દેશનુ સૌથી વિકસિત ક્ષેત્ર બનાવાની નેમ સાથે કામ કરી રહ્યા છે. જેનો સીધો લાભ ગાંધીનગરની જનતાને મળશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગૃહમંત્રી અમિત શાહ તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગાંધીનગરને વલર્ડ કલાસ બનાવાનુ સ્વપ્ર સાકાર થશે. ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ તેમજ પ્રદેશ નેતૃત્વગણ અને ચુંટણી ઈન્ચાર્જ ભુપેન્દ્રસિંહ ચુડાસમા રજની પટેલ , અમિત ઠાકરનુ માર્ગદર્શન આપવા બદલ આભાર વ્યકત કર્યો છે. સી આર પાટીલના માર્ગદર્શન હેઠળ સંગઠનાત્મક માઈક્રોપ્લાનીંગની સકારાત્મક અસર ચુંટણી પરિણામ પર જોવા મળી છે. પેજ સમિતિ અમોગ શસ્ત્ર તરીકે પ્રસ્થાપિત થઈ છે. રૂચિર ભટ્ટે જણાંવ્યુ હતુ કે ભાજપના કાર્યકર્તાઓની રાતદિવસની મહેનત રંગ લાવી છે. ભાજપના કાર્યકર્તાઓ માત્ર રાજકીય નહી પરંતુ સામાજિક કાર્યકર્તાઓ પણ છે. કાર્યકર્તાઓને તેમણે નતમસ્તક થઈને અભિનંદન પાઠવ્યા હતા.



## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.
- આજે મતગણતરી મથકો પર થર્મલ ગનથી સ્કીનીંગ કરવામાં આવતુ હતુ તેમજ કોવિડ-૧૯ની ગાઈડલાઈનના પાલનની સંપૂર્ણ કાળજી રાખવામાં આવી હતી.
- ગાંધીનગર જિલ્લામાં વાહકજન્ય રોગચાળાને લઈ ચાલી રહેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી છે.
- ગાંધીનગર શહેરમાં આજે ભાજપના ભવ્ય વિજય બાદ સચિવાલયમાં મુલાકાતીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો.
- મતગણતરી મથકો પર આજે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય પણ પહોંચી ગયા હતા અને ચાલતી કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતુ.
- ગાંધીનગર મનપાના ચૂંટણી જંગમાં આપ આદમી પાર્ટીએ ત્રણ વોર્ડમાં બીજા સ્થાને રહીને સૌને ચોંકાવ્યા હતા.
- મનપાના ચૂંટણી જંગમાં ભાજપે વોર્ડ નં. ૫ માં ૫૯.૬૮ ટકા મતો મેળવ્યા હતા તો વોર્ડ નં. ૧૦ માં ૫૮ ટકા મતો મેળવી ભવ્ય વિજય પ્રાપ્ત કર્યો હતો. કોંગ્રેસ પક્ષને વોર્ડ નં. ૧૦માં માત્ર ૧૨ ટકા મત જ મળ્યા.
- ગાંધીનગર શહેરમાં નોલેજ કોર્નર તરીકે ઓળખાતા કોલેજોના કેમ્પસમાં આજે ગુલાલ-ગુલાલ થઈ જવા પામ્યુ હતુ.

# વોર્ડ નં. ૯, ૧૦, ૧૧માં ભાજપની પ્રથમ રાઉન્ડથી જંગી સરસાઈ

## વોર્ડ નં. ૯ અને ૧૦માં આપનો લડાકય મિજાજ દેખાઈ આવ્યો

ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીનુ આજે પરિણામ જાહેર થયુ હતુ. મતગણતરીના અંતે પ્રથમ રાઉન્ડથી જ ભાજપના ઉમેદવારો આગળ રહેતા પરિણામલક્ષી ઉત્તેજના વધુ પ્રબળ બની હતી. આ વખતે ગાંધીનગરમાં ત્રિપાંખિયો જંગ જામ્યો હતો જેને અનુલક્ષી પ્રચાર ઝુંબેશ પણ વધુ તેજ અને ઉત્તેજનાસભર જોવા મળી હતી જેને અનુલક્ષી પરિણામલક્ષી ઈન્તેજારી પણ પ્રબળ બની હતી. વોર્ડ નં -૯ ના પરિણામને લઈને પ્રારંભિક તબક્કે બેલેટના મતોની ગણતરી હાથ ધરવામાં આવી હતી જેમાં આમ આદમી પાર્ટીને ૧૦ મત વધુ મળતા ચુંટણીનુ પરિણામ વધુ રસપ્રદ બની રહેશે તેમ મનાઈ રહ્યુ હતુ. પરંતુ ધીમે ધીમે વોર્ડ મુજબ ઈ વી એમ ની ગણતરી શરૂ થયા બાદ સતત ભાજપના ઉમેદવારો મોટી સરસાઈથી આગળ રહેતા બે રાઉન્ડની ગણતરીના અંતે જ તેમની જીત નિશ્ચિત બની ગઈ હતી. જયારે ત્રિપાંખિયા જંગને અનુલક્ષી પેનલ તુટશે તેવો અંદાજ પણ રાજકીય વિશ્લેશકોએ લગાવ્યો હતો પરંતુ ભાજપ તરફી જ મતદાન થયુ હોવાના લીધે આ વાતનો પણ છેદ ઉડી ગયો હતો. વોર્ડ નં -૯ , ૧૦ અને ૧૧ માં ભાજપના ઉમેદવારો વિજયી બન્યા હતા જયારે આમ આદમી પાર્ટીએ પણ નોંધપાત્ર મત મેળવ્યા હતા. જેના લીધે કોંગ્રેસ હાંસિયામાં ધકેલાઈ ગઈ હોવાનુ પણ સ્પષ્ટ થયુ હતુ. આ પરથી આમ આદમી પાર્ટીએ કોંગ્રેસના મતદારોને પ્રભાવિત કરવામાં સફળ રહી હતી.

**● વોર્ડ નં -૯ : સે- ૨ , સે-૩ અને કુડાસણ**

| ઉમેદવારનુ નામ | પક્ષ | મેળવેલ મત |
|---|---|---|
| અલ્પાબેન કૌશિકભાઈ પટેલ | ભાજપ | ૮૨૯૩ |
| રાજુભાઈ શંકરલાલ પટેલ | ભાજપ | ૭૬૪૬ |
| સંકેત રમેશભાઈ પંચાસરા | ભાજપ | ૭૨૯૬ |
| શૈલાબેન સુનિલભાઈ ત્રિવેદી | ભાજપ | ૭૦૬૩ |
| મહીપતકુમાર રણછોડ ગઢવી | આમ આદમી પાર્ટી | ૫૪૯૮ |
| દેવ્યાંગ રમેશભાઈ ત્રિવેદી | આમ આદમી પાર્ટી | ૫૦૫૬ |
| સુશીલાબેન મેહુલકુમાર સોલંકી | આમ આદમી પાર્ટી | ૪૭૧૦ |
| હેતલબેન પિયુષકુમાર પટેલ | આમ આદમી પાર્ટી | ૪૩૪૩ |
| રાજેશભાઈ ઈશ્વરભાઈ પ્રજાપતિ | કોંગ્રેસ | ૩૩૧૩ |
| હીના કૌશિકભાઈ પટેલ | કોંગ્રેસ | ૩૨૦૯ |
| ઉર્પલ રામભાઈ જોષી | કોંગ્રેસ | ૩૧૫૪ |
| વૈશાલીબેન અરૂણકુમાર પરીખ | કોંગ્રેસ | ૨૬૮૧ |

**વોર્ડ નં -૧૦ : સે-૬ સે-૭ અને કોબા**

| ઉમેદવારનુ નામ | પક્ષ | મેળવેલ મત |
|---|---|---|
| મહેન્દ્ર પ્રહલાદભાઈ પટેલ | ભાજપ | ૮૬૩૭ |
| મીરાબેન મિનેષકુમાર પટેલ | ભાજપ | ૮૬૩૫ |
| પોપટસિંહ હેમતુજી ગોહીલ | ભાજપ | ૮૫૦૯ |
| તેજલબેન યોગેશકુમાર વાળંદ | ભાજપ | ૮૪૬૪ |
| વિરેન્દ્રસિંહ બળવંતસિંહ ગોહીલ | આમ આદમી પાર્ટી | ૪૩૯૭ |
| રમિલાબેન ડાહ્યાભાઈ રાઠોડ | આમ આદમી પાર્ટી | ૪૨૪૬ |
| સંગીતાબેન દિલીપકુમાર પટેલ | આમ આદમી પાર્ટી | ૩૯૬૧ |
| હાર્દીક વિનોદચંદ્ર તલાટી | આમ આદમી પાર્ટી | ૩૭૪૬ |
| ભારતી સંજયકુમાર પટેલ | કોંગ્રેસ | ૨૦૯૯ |
| કરણસિંહ શિવજી પરમાર | કોંગ્રેસ | ૨૦૫૩ |
| મુકેશ કનૈયાલાલ શાહ | કોંગ્રેસ | ૧૯૧૭ |
| હંસાબેન ધનજીભાઈ પરમાર | કોંગ્રેસ | ૯૦૦ |

**● વોર્ડ નં -૧૧ : ભાટ , ખોરજ**

| ઉમેદવારનુ નામ | પક્ષ | મત |
|---|---|---|
| ગીતાબેન ચંદ્રકાન્ત પટેલ | ભાજપ | ૭૩૨૬ |
| જશવંતલાલ અંબાલાલ પટેલ | ભાજપ | ૬૯૩૮ |
| સેજલબેન કનુભાઈ પરમાર | ભાજપ | ૬૮૧૪ |
| માણેકજી ખોડાજી ઠાકોર | ભાજપ | ૬૪૯૬ |
| જયોત્સનાબેન જયંતિલાલ સોલંકી | કોંગ્રેસ | ૬૦૯૧ |
| દશરથજી મંગાજી ઠાકોર | કોંગ્રેસ | ૫૭૪૫ |
| સંજય અમરાભાઈ ભરવાડ | કોંગ્રેસ | ૫૬૦૫ |
| પારૂબેન કમલેશજી ઠાકોર | કોંગ્રેસ | ૫૫૭૮ |
| નારણભાઈ રણછોડભાઈ પટેલ | આમ આદમી પાર્ટી | ૨૯૦૬ |
| નીરૂબેન દિલીપભાઈ મકવાણા | આમ આદમી પાર્ટી | ૨૭૫૫ |
| કીશોરજી મગનજી ઠાકોર | આમ આદમી પાર્ટી | ૨૭૩૯ |
| હેમલ ચિરાગભાઈ પટેલ | આમ આદમી પાર્ટી | ૨૬૮૮ |
| બિપીનભાઈ દાનાભાઈ સોલંકી | બહુજન સમાજ | ૯૨૯ |

**ગાંધીનગર મહાનગરપાલિકાની રસપ્રદ ચુંટણીનુ પરિણામ જાહેર થયા બાદ ભાજપને ઐતિહાસિક જીત મળી છે. આમ આદમી પાર્ટીએ પણ સારા મત મેળવ્યા છે. પરંતુ કોંગ્રેસના મત તુટતા પરિણામના સમીકરણો પણ બદલાયા છે. આ વખતે ત્રિપાંખિયા જંગમાં ધાર્યા કરતા ઓછુ મતદાન થયુ હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો હતો ત્યારે નાગરિકોએ નોટાનો વિકલ્પ પણ પસંદ કરી ઉમેદવારો માટે નાપસંદગી દર્શાવી છે. વોર્ડ નં -૯ , ૧૦ અને ૧૧માં ૪૨૬ જેટલા મતદારોએ નોટાનો વિકલ્પ પસંદ કર્યો હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે.**

## ભાજપના બે વિજેતા ઉમેદવારોનો જન્મદિવસ યાદગાર બન્યો

ગાંધીનગર મહાનગર પાલિકામાં ભાજપનો ભવ્ય વિજય થયો હતો, અને ભાજપના કુલ ૪૧ ઉમેદવારો વિજેતા બન્યા જે પૈકી બે ઉમેદવારોનો આજે જન્મદિવસ હોવાથી તેમની ખુશી બેવડાઈ જવા પામી હતી. પોતાના જન્મ દિવસે જ ભાજપની ઐતિહાસિક જીતમાં તેમની જીત સામેલ હોવાથી અને બંન્ને ઉમેદવારો પહેલીવાર મહાનગર પાલિકાના કોર્પોરેટર તરીકે ચુંટાયા હોવાથી તેમનો જન્મદિવસ યાદગાર બની જવા પામ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આ બંન્ને ઉમેદવારો મુળ વાવોલ ગામના છે જેમાં ભાવનાબા વિક્રમસિંહ ગોલ અને રાજેશ રાવજીભાઈ પટેલનો સમાવેશ થાય છે.

## મતગણતરી કેન્દ્ર બહાર ચા-નાસ્તાની લારીઓ ખડકાઈ

ગાંધીનગર, તા.૫

શહેરના સેકટર-૧૫ મતગણતરી કેન્દ્રની બહાર સવાર થી ચા-નાસ્તાની લારીઓ ખડકાઈ ગઈ હતી. જેમાં નાસ્તામાં ગરમા ગરમ ગોટા, દાળવડા, બટાકાવડા, દાબેલી, વડાપાઉં, પૌંવા, સમોસા, ખમણ સહિતનો સમાવેશ થાય છે. જયારે ઉમેદવારોની સાથે કાર્યકરો મોટીસંખ્યામાં ઉમટી પડતા મેળા જેવો માહોલ જોવા મળે છે. ત્યારે ચા-નાસ્તાની લારી ધારકોને ગણતરીના કલાકોમાં વેપારમાં તડાકો જોવા મળે છે. સવારનો સમય હોવાથી ચા-નાસ્તા તેમજ પાન મસાલાની ગલ્લા પર કાર્યકરોની ભારે ભીડ જોવા મળી હતી.

## શહેરના માર્ગો ગુલાલમય બન્યા

મતગણતરી કેન્દ્ર બહાર અબીલ-ગુલાલ અને ફુલહારના વેપારીઓ ગોઠવાઈ ગયા હતા. જેમજેમ ઉમેદવારો વિજેતા બનતા ગયા તેમ કાર્યકરો દ્વારા ફુલહાર અને ગુલાલની ખરીદી કરતા હતા. ખોબલે ખોબલે ગુલાલની ઉડાડતા મતગણતરી કેન્દ્રની બહારના માર્ગો પણ ગુલાલમય બની ગયા હતા. જયારે વરઘોડમાં પણ ગુલાલ ઉડાડતા શહેરના માર્ગો ગુલાલના રંગે રંગાઈ ગયા હોય તેમ લાગી રહ્યું હતું. જયારે હજ્જારો રૂપીયાનો અબીલ ગુલાલ અને ફુલહારનું વેચાણ થતા વેપારીઓમાં પણ ખુશી છવાઈ હતી.

## જેએમપી ગોલક વિદ્યાલયમાં ગાંધી જયંતિની ઉજવણી

ગાંધીનગર, તા.૫

જેએમપી ગોપાલક વિદ્યાલયમાં ગાંધી જયંતિ નિમિત્તે જુદા જુદા કાર્યક્રમો યોજાયા હતા. જેમાં બાળકોએ ગાંધીજીને પ્રિય એવા 'અહિંસા' અંગેના વિચારો પોતાના વકતવ્યમાં રજૂ કર્યા હતા. નૃત્ય નાટિકા દ્વારા દેશ ભકિતની કૃતિ વિદ્યાર્થીઓએ રજૂ કરી હતી. 'ગાંધીજી ભારતના રાષ્ટ્રપિતા' વિષય પર નિબંધ લેખન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના સર્વે ટ્રસ્ટીઓ જગત શાહ, મહેન્દ્રભાઈ પ્રજાપતિ તથા પ્રકાશભાઈ ચૌહાણે પ્રેરક પ્રવચન આપી અભિનંદન પાઠવ્યા હતા.




ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામો જાહેર થયા. ભાજપનો ભગવો મનપા પર લહેરાયો. આમ આદમી પાર્ટીએ આ વખતે ચૂંટણીજંગમાં પોતાના ઉમેદવારો ઉભા રાખી જોરશોરથી પ્રચાર કર્યો. જો કે તેને ફાળે માત્ર એક જ સીટ આવી. ગાંધીનગરની જનતાએ આપેલા સહયોગ બદલ આમ આદમી પાર્ટીના આગેવાનોએ પ્રેસ કોન્ફરન્સ બોલાવી આભાર વ્યક્ત કર્યો હતો.

## પાલનપુરમાં બે જગ્યા પરથી પોલીસે વિદેશી દારૂ ઝડપ્યો

પાલનપુરના અસ્માપુરા (ગોળા )તેમજ પાલનપુર શહેરમાં જુદા-જુદા ત્રણ શખ્સો વિદેશી દારૂની હેરાફેરી કરતી હોવાની બાતમીના આધારે પોલીસે રેડ કરતા વિદેશી દારૂની બોટલ નં.૮૨ કીં રૂ.૨૬ હજાર ઉપરાંતનો મુદ્દામાલ પોલીસએ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી હતી.

પાલનપુર તાલુકાના અસ્માપુરા (ગોળા) વિસ્તારમાં પાલનપુર તાલુકા પોલીસ પેટ્રોલીંગમાં હતી. ત્યારે બાતમી ના આધારે વખતસિંહ સુરસિંહ રાણાના ખેતરમાં તલાશી લેતાં ખેતરમાં બનાવેલી ઓરડીમાં દારુની બોટલ નંગ ૭૬ બિયરના ટીન નંગ ૬ મળી કિં.રૂ.૨૦હજાર ઉપરાંતના મળી આવ્યા હતા જોકે વખતસિંહ રાણા હાજર મળ્યા ન હતા પરંતુ પોલીસે તે બાબતે વધુ તપાસ હાથ ધરી હતી. જયારે પાલનપુરના પૂર્વ પોલીસ સ્ટેશનમાં બાતમીના આધારે પોલીસે શહેરના હેમંતભાઈ મુળજીભાઈ શ્રીમાળી તેમજ રાજેશભાઈ તોલારામ સિંધી એકબીજાના મેળાપીપણાથી વિદેશી દારૂ રાખતાં હતાં જેમના રહેણાંકમાં દારુની બોટલ નંગ ૨૦ કિંમત રૂ.૬ હજારનો મુદ્દામાલ મળી આવતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

## સાદરા અને સહયોગ સેવા મંડળના ઉપક્રમે રકતદાન શિબિર યોજાઈ

શારીરિક શિક્ષણ રમત વિજ્ઞાન વિદ્યા શાખા, સાદરા અને સહયોગ સેવા મંડળના સંયુકત ઉપક્રમે ગાંધી જયંતિ નિમિત્તે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજમાં ૪૪ રકતદાતાઓએ રકતદાન કર્યુ હતું તમામ રકતદાતાઓએ તબીબી સ્ટાફ ડૉ. મનોજ પટેલ, સ્ટાફ મિત્રોને આ આયોજનને સફળ બનાવવા બદલ સહયોગ સેવા મંડળ દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. વિદ્યા શાખાના આયોજકો અને સ્ટાપ મિત્રોનો સંસ્થા દ્વારા આભાર માનવામાં આવ્યો હતો.

## ૯૨ વર્ષીય વૃદ્ધનું છાતી કે હૃદય ખોલ્યાં વિના મિટ્રલ વાલ્વ લીકેજ ગુજરાતમાં સૌ પ્રથમ વખત સ્ટિચ કરીને બંધ કર્યુ

### ગુજરાત મૂળના અમેરિકન ડોક્ટરે અપોલો સીવીએચએફમાં મિટ્રાક્લિપ સાથે વાલ્વ લીકેજ રીપેર કરવા મિનિમલી ઇન્વેસિવ પ્રોસીજર (પીએમવીઆર) હાથ ધરી

અમદાવાદ, તા. ૫

ગુજરાતમાં પ્રથમ પ્રકારની અદ્યતન ટેકનોલોજી પ્રક્રિયામાં ૯૨ વર્ષીય વયોવૃદ્ધિના મિટ્રલ વાલ્વમાં લીકેજને અપોલો સીવીએચએફ હોસ્પિટલમાં નવીન નોન-ઈન્વેસિવ પર્કયુટેનિયસ મિટ્રલ વાલ્વ રિપેર (પીએમવીઆર) ટેકનિકનો ઉપયોગ કરીને સુધારવામાં આવ્યું હતું. આ લીકેજને મિટ્રાક્લિપનો ઉપયોગ કરીને છાતીને ખોલ્યાં વિના કે હૃદયને ખોલ્યાં વિના 'ક્લિપ્ડ' કરવામાં આવ્યું અથવા સારવાર કરવામાં આવી.

આ પ્રક્રિયા અમેરિકામાંથી વિઝિટિંગ કાર્ડિયોલોજી નિષ્ણાતોએ શહેરની અપોલો સીવીએચએફ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદમાં હાથ ધરી હતી. આ ત્રણ નિષ્ણાતો છેઃ ગુજરાતી મૂળના પ્રસિદ્ધ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ ડૉ, રાજ મક્કર, કાર્ડિયોલોજિસ્ટ ડૉ. તરુણ ચક્રવર્તી અને કાર્ડિયોલોજીમાં એનેસ્થેસિયોલોજિસ્ટ ડૉ. મૂડી મકર સાથે ડૉ. સાંઈ સતીશ પ્રખ્યાત ઈન્ટરવેનશનલ કાર્ડીઓલોજિસ્ટ-ચેન્નાઈ અને ડો. સમીર દાણી, ડિરેક્ટર અપોલો સીવીએચએફ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ. ડૉ. રાજ મક્કર ટ્રાન્સકેથેટર મિટ્રલ વાલ્વ રિપેર પ્રક્રિયાઓ માટે જગપ્રસિદ્ધ છે અને વર્ષ ૨૦૨૦માં અમેરિકામાં તેમણે સૌથી વધુ મિટ્રાક્લિપ પ્રક્રિયા હાથ ધરી છે. એ જ રીતે ડો. સાંઈ સતીશે ભારતમાં સૌથી વધુ આ પ્રકારની સારવાર કરી છે.

## વિજયી વાવાઝોડુ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પડ્યો હોય તેવું જણાતું નથી, પરંતુ કોંગ્રેસને તેનાથી મોટો ફટકો પડ્યો હોય તેવું દેખાઈ રહ્યું છે. પ્રારંભિક અંદાજો અનુસાર, આમ આદમી પાર્ટીએ કોંગ્રેસના વોટ તોડ્યા છે. જોકે, સુરત મ્યુ. કોર્પોરેશનમાં આશ્ચર્યજનક દેખાવ કરનારી આમ આદમી પાર્ટી ગાંધીનગરની ચૂંટણીમાં ખાસ ઝળકી શકી નથી. રાજ્યમાં હાલમાં જ સત્તા પરિવર્તન થયું છે. પૂર્વ સીએમ વિજય રુપાણી અને તેમના તમામ મંત્રીઓની એક્ઝિટ બાદ નવા સીએમ ભૂપેન્દ્ર પટેલ અને તેમની ટીમને ગુજરાતના શાસનની ધૂરા સોંપવામાં આવી છે. ભૂપેન્દ્ર પટેલના સત્તામાં આવ્યા બાદ પહેલીવાર રાજ્યમાં ચૂંટણી થઈ રહી છે. જેમાં ભાજપનો દેખાવ કેવો રહે છે તે તેમના માટે પણ ખાસ્સું મહત્વનું છે. ઉલ્લેખનીય છે કે, નવી સરકારમાં નો રિપિટ થિયરી લાગુ કરાયા બાદ ગાંધીનગરમાં પણ તેનું અનુકરણ કરાયું છે, જેનો સ્પષ્ટ ફાયદો પક્ષને થતો દેખાઈ રહ્યો છે.